# લોકપાલ બિલને કેન્દ્રિય કેબિનેટની મંજુરી

નવી દિલ્હી, તા.૩૧

એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં કેન્દ્રિય કેબિનેટે આજે લોકપાલ બિલ અંગે રાજ્ય સભાની પસંદગી સમિતિ દ્વારા કરવામાં આવેલી ચાવીરૂપ ભલામણોને લીલીઝંડી આપી દીધી હતી. આ ઘટનાક્રમને સમર્થન આપતા પીએમઓમાં કેન્દ્રિય પ્રધાન વી નારાયણ સામીએ કહ્યુ હતુ કે આજે કેન્દ્રિય કેબિનેટે રાજ્યસભાની પસંદગી સમિતિ દ્વારા કરવામાં આવેલી ૧૬ ભલામણો પૈકી ૧૪ ભલામણોને સ્વીકારી લીધી છે. સુધારવામાં આવેલા લોકપાલ બિલના મુસદ્દાને હવે મતદાન માટે રાજ્યસભામાં રજુ કરવામાં આવશે. માહિતી અને પ્રસારણ પ્રધાન મનિષ તિવારી સાથે સંયુક્તરીતે પત્રકાર પરિષદને સંબોધતા તેમણે કહ્યુ હતુ કે સુધારવામાં આવેલા બિલમાં રાજ્યસભાની પસંદગી સમિતિ દ્વારા કરવામાં આવેલી મોટાભાગની ભલામણો સ્વીકારી લેવામાં આવી છે જેમાં સીવીસી દ્વારા પ્રોસિક્યુશનના ડિરેક્ટરની નિમણૂંકનો સમાવેશ થાય છે. સુધારવામાં આવેલા લોકપાલ બિલથી રાજ્યોને તેમના પોતાના લોકાયુક્તની રચના કરવા બાબત ફરજિયાત રહેશે. અથવા તો એક વર્ષની અંદર ભ્રષ્ટાચારને રોકવા સાથે સંબંધિત વ્યવસ્થાને ઉભી કરવી પડશે. ભલામણો કરવામાં આવ્યા બાદ રાષ્ટ્રીય પક્ષોને લોકપાલની હદમાં લઈ લેવામાં આવશે. સરકાર દ્વારા સહાય મેળવતી બિન સરકારી સંસ્થાઓ, ધાર્મિક અને ચેરીટેબલ સંસ્થાઓને આમાંથી મુક્તિ આપવામાં આવશે. પ્રધાને કહ્યુ હતુ કે પસંદગી સમિતિની મોટાભાગની ભલામણો સ્વીકારી લેવામાં આવી છે પરંતુ કેટલાક મુદ્દાઓ પર હજુ પણ મતભેદ છે. સરકાર પસંદગી સમિતિના એવા મત સાથે સહમત નથી કે સીબીઆઈના અધિકારીઓને આપવામાં આવેલી



સત્તાઓ લોકપાલ પાસે હોવી જોઈએ. તપાસ સંસ્થા પાસે હોવી જોઈએ નહીં. સરકાર કમિટીની એવી ભલામણો સાથે પણ સહમત નથી કે લોકપાલમાંથી તપાસનો સામનો કરી રહેલા અધિકારીઓને તપાસના પ્રાથમિક તબક્કા દરમિયાન સાંભળવા જોઈએ નહીં. પોતાના મત રજુ કરવા અધિકારીઓને તક આપવાના મુદ્દે સરકાર માને છે આવા લોકોને સુરક્ષાની જરૂર હોય છે. કેન્દ્ર સરકાર સીબીઆઈ વડાની સ્વતંત્ર પેનલ દ્વારા નિમણૂંક મામલે ડીઓપીટીની દરખાસ્ત પર સહમત છે. પસંદગી સમિતિની રચના લોકપાલ બિલ માટે રાજ્યસભાના સભ્યોની ભલામણોમાં તપાસ કરવા માટે કરવામાં આવી હતી. યુપીએના ચેરમેન સોનિયા ગાંધીએ તાજેતરમાં અણ્ણા હજારેને એવી ખાતરી આપી હતી કે લોકપાલ બિલ આગામી બજેટ સત્રમાં પસાર કરાશે. સોનિયાની ખાતરી અણ્ણાના દેશવ્યાપી પ્રવાસ પહેલા આવી હતી. ડિસેમ્બર ૨૦૧૧માં લોકસભામાં લોકપાલ બિલ પસાર થયુ હતુ પરંતુ સમયના અભાવે રાજ્યસભામાં આને રજુ કરવામાં તકલીફ પડી હતી. આ બિલ લોકસભામાં પસાર થઈ ચુક્યુ છે.

સિલેક્ટ સમિતિએ મુકેલા પ્રસ્તાવના મુસદ્દાને મંજૂરી કેબિનેટે આપી દીધી છે. જેમાં લોકાયુક્તની નિમણૂંકની કાર્યવાહી રાજ્ય સરકાર હસ્તકની જોગવાઈ છે. હવે કેન્દ્ર સરકાર લોકપાલ બનાવશે. જ્યારે રાજ્ય સરકાર લોકાયુક્ત બનાવશે. કેબિનેટના આ નિર્ણયથી રાજ્યો પર નિર્ભર કરશે કે તેઓ કેવા પ્રકારના લોકાયુક્ત રાજ્યમાં ઈચ્છે છે. એક રાહત એમાં મુકવામાં આવી છે કે જો લોકપાલ બિલ સંસદમાંથી પાસ થાય તો તેના ૧ વર્ષની અંદર દરેક રાજ્યને પોતાના ત્યાં લોકાયુક્તની નિમણૂંક કરવાની રહેશે. સરકાર દ્વારા ફંડ મેળવનાર સામાજીક સંસ્થાઓ લોકપાલના દાયરામાં આવી જશે. અધિકારીઓ વિરૂદ્ધ ફરિયાદ થયા પછી પહેલાં તેમનો પક્ષ સાંભળવામાં આવશે. કાયદામંત્રી અશ્વીનીકુમારે કહ્યું હતું કે, કેબિનેટે લોકપાલ બિલ મંજૂરી આપી દીધી છે. સિલેક્ટ સમિતિની ભલામણોનો સ્વીકાર કરવામાં આવ્યો છે. લોકપાલ બિલ પસાર થયાના એક વર્ષની અંદર જ દરેક રાજ્યને લોકાયુક્તની નિમણૂંક કરવી પડશે.

## યુપીએ સરકાર વચનો તોડતી જ આવી છે : ભાજપનો મત

નવી દિલ્હી,તા. ૩૧

લોકપાલ બિલ મુસદ્દામાં ચાવીરૂપ સુધારાઓને યુપીએ સરકારે લીલીઝંડી આપી દીધી હોવા છતાં ભાજપે આજે કહ્યુ હતુ કે યુપીએ હંમેશા વચન તોડવાનો ઈતિહાસ ધરાવે છે. લોકપાલ સુધારા અંગે ભાજપે આ મુજબની પ્રતિક્રિયા આપી હતી. ભાજપના નેતા બલવીર પુંજ કહ્યુ હતુ કે યુપીએ-૨ સરકારનું વલણ હંમેશા જુદા જુદા પ્રકારનું રહ્યુ છે. કેબિનેટમાં આ બિલ પસાર થઈ ગયુ છે. આની ખુશી થઈ રહી નથી. સરકાર શુ કરશે તેને લઈને હજુ પણ વિશ્વાસ નથી.

બિલના મુસદ્દાને ધ્યાનમાં લીધા બાદ જ વધુ પ્રતિક્રિયાઓ આપી શકાશે. તેમણે એમ પણ કહ્યુ હતુ કે કોંગ્રેસના નેતૃત્વમાં સરકારની જાહેરાતથી અમે તમામ સંતુષ્ટ નથી. કેબિનેટે લોકપાલ બિલને મંજુરી આપી છે તેની જાહેરાત સંતોષજનક લાગતી નથી કારણ કે યુપીએ-૨નો રેકોર્ડ નિરાશાજનક રહ્યો છે. હમેશા વચન તોડવામાં આવ્યા છે. મોનસૂન સત્રમાં શું થયુ હતુ તે બાબતથી અમે વાકેફ છીએ. જ્યારે બિલ ચોક્કસ સુધારા સાથે પસાર કરવામાં આવનાર હતુ ત્યારે જ સરકારે ગૃહને મોકુફ કરી દેવાની જાહેરાત કરી હતી અને લોકપાલ બિલ અટવાઈ પડ્યુ હતુ. લોકપાલ બિલના નવા મુસદ્દામાં રહેલી જોગવાઈ અંગે પુંજે કોઈ વાત કરી ન હતી. આગામી બજેટ સત્ર દરમિયાન સંસદ સમક્ષ નવા મુસદ્દાને રજુ કરવામાં આવનાર છે. લોકપાલ બિલ કાયદો બને તે પહેલા આને બંને ગૃહોમાં પસાર કરવાની જરૂર પડશે.

## વિશ્વરૂપમ વિવાદ : સિનેમાટોગ્રાફ એક્ટમાં સુધારાઓ કરવા તૈયારી

નવી દિલ્હી, તા.૩૧

સુપર સ્ટાર અભિનેતા કમલ હસનની મહત્વકાંક્ષી ફિલ્મ વિશ્વરૂપમને લઈને વિવાદ શાંત થઈ રહ્યો નથી ત્યારે આ વિવાદમાં હવે કોર્ટની સાથે સાથે કેન્દ્ર સરકાર પણ ઉતરી ગઈ છે. કેન્દ્ર સરકારે આજે કહ્યુ હતુકે સિનેમાટોગ્રાફ એક્ટમાં તપાસ કરવા માટે એક પેનલની રચના કરવામાં આવશે. કેન્દ્રિય માહિતી અને પ્રસારણ પ્રધાન મનિષ તિવારીએ પુનરોચ્ચાર કર્યો હતો કે સિનેમાટોગ્રાફ એક્ટમાં ધ્યાન આપીને જરૂરી સુધારાની શક્યતા રહેલી છે. રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં પત્રકાર પરિષદને સંબોધતા તેમણે કહ્યુ હતુકે અમે સિનેમાટોગ્રાફ એક્ટમાં તપાસ કરવા એક પેનલની રચના કરવા વિચારી રહ્યા છીએ. રાજ્ય સરકારો કેટલી હદ સુધી સીબીએફસી દ્વારા લેવામાં આવેલા નિર્ણયો સામે વાંધો ઉઠાવી શકે છે તે અંગે તપાસ કરવા માહિતી અને પ્રસારણ સચિવને કહેવામાં આવ્યું છે. પ્રમાણિક ચિંતા તરફ ધ્યાન આપવામાં આવશે. માહિતી અને પ્રસારણ પ્રધાને આજે સવારે ટ્વિટર પર કહ્યુ હતુ કે ફિલ્મોને મળતા પ્રમાણપત્ર તરફ ધ્યાન આપવામાં આવશે. હાલમાં વિશ્વરૂપમ ફિલ્મને લઈને હોબાળો થયેલો છે. અત્રે ઉલ્લેખનીય છે કે કમલ હસનની મહત્વકાંક્ષી ફિલ્મ વિશ્વરૂપમ જંગી ખર્ચે તૈયાર થઈ છે. આ ફિલ્મ નિર્ધારિત સમયે રજુ થઈ શકી નથી કારણ કે આ ફિલ્મની રજુઆત સામે ચોક્કસ મુસ્લિમ સંગઠનોએ વાંધો ઉઠાવ્યો છે અને કહ્યુ છે કે તેમને આ ફિલ્મમાં અપમાનિત સ્થિતિમાં રજુ કરવામાં આવ્યા છે. મુસ્લિમ લોકોએ ભારે હોબાળો મચાવ્યા બાદ મામલો કોર્ટમાં પહોંચ્યો હતો. તોડફોડ પણ થિયેટરોમાં થઈ ચુકી છે. મામલો કોર્ટમાં પહોંચ્યા બાદ શરૂઆતમાં મદ્રાસ હાઈકોર્ટે વિશ્વરૂપમની રજુઆત પર સ્ટે મુક્યો હતો. કમલ હસનની આ ફિલ્મ રજુ ન થતા શરૂઆતમાં જ ૩૦ કરોડથી વધુનું નુકસાન થઈ ચુક્યુ છે. કમલ હસને ઘણી સંપત્તિને દાવ પર લગાવીને આ ફિલ્મ તૈયાર કરી હોવાનો દાવો કર્યો હતો.

### વિશ્વરૂપમને લઈને કમલ હસન સુપ્રીમમાં નહીં જાય

સુપર સ્ટાર અભિનેતા કમલ હસને હવે વિશ્વરૂપમ ફિલ્મને લઈને સુપ્રીમ કોર્ટમાં જવાની યોજના બદલી કાઢી છે અને કહ્યુ છે કે આ વિવાદને પારસ્પરિક વાતચીતથી ઉકેલી લેવામાં આવશે.વિશ્વરૂપમના



રીલીઝ થવાના વિવાદમાં ફિલ્મના અભિનેતાએ જણાવ્યું હતું કે મેં મુસ્લિમ ભાઈઓ સાથે વાતચીત કરી લીધી છે, અને આ બાબતે શાંતિપૂર્ણ રીતે નિરાકરણ આવ્યું છે. કમલ હસને એમ પણ કહ્યું હતું કે, હવે રાજ્યની જવાબદારી છે કે તે સુનિશ્ચિત કરે કે કોઈપણ નુકશાન ના થાય. ઉલ્લેખનીય છે કે, વિશ્વરૂપમ તમિલનાડુમાં રિલીઝ કરવામાં આવી નથી. કારણકે મદ્રાસ હાઈકોર્ટ દ્વારા મંગળવારના રોજ સિંગલ-જજ બેચ દ્વારા પ્રતિબંધ હટાવવાના નિર્ણય પર રાજ્ય સરકારની અપીલ પર મોટી બેચે નકારાત્મક વલણ અપનાવ્યું હતું. કમલ હસને દેશ છોડવાની ચિમકી આપી હતી.ઉલ્લેખનીય છે કે, ફિલ્મ પર વિવાદના કારણે દુઃખી કમલ હસને પત્રકારોને જણાવ્યું હતું કે, જો તેને ન્યાય મળશે નહીં, તો દેશ છોડી પણ શકે છે. કમલ હસને જણાવ્યું હતું કે, તે એક ફક્ત કલાકાર છે, તે જ્યાં પણ જશે ત્યાં તેમની કળા સાથે રહેશે. તેને ખબર છે કે આ રમત કોણ રમી રહ્યું છે. માટે તેને એક ધર્મનિરપેક્ષ જગ્યાએ સ્થળાંતર કરવાની જરૂરીયાત છે. હવે આ વિવાદ પર ઉત્તર પ્રદેશ સરકારનું કહેવું છે કે અધિકારીઓ ફિલ્મ જોયા પછી જ નક્કી કરશે કે ફિલ્મ પર પ્રતિબંધ લગાવવો કે નહીં.

## રાજસ્થાન ભાજપ અધ્યક્ષ પદે વસુંધરાની તાજપોશી થઈ શકે

જયપુર, તા.૩૧

ભાજપ હાઈકમાન્ડે રાજસ્થાન ભાજપના પ્રમુખ પદે વસુંધરા રાજેની નિમણૂંક કરવાની તૈયારી કરી લીધી હોવાના અહેવાલ મળ્યા છે. ટૂંક સમયમાં જ આ અંગેની વિધિવતરીતે જાહેરાત કરવામાં આવશે. હાલમાં જ મળનારી પાર્ટી કોર ગ્રુપની બેઠકને ટાળી દેવાનો નિર્ણય પણ લેવામાં આવી ચુક્યો છે. વસુંધરા રાજસ્થાનના મુખ્યમંત્રી તરીકે પણ રહી ચુક્યા છે. ફરી એકવાર મોટી જવાબદારી સોંપવાની હિલચાલ શરૂ થઈ ચુકી છે. વસુંધરા રાજેના વિરોધીઓને હાઈકમાન્ડે સ્પષ્ટપણે જણાવ્યું કે તેઓએ વસુંધરા સાથે સમજુતી કરવાનો પ્રયાસ કરે. જ્યારે બીજી બાજુ વસુંધરાએ પણ હકારાત્મક વલણ અપનાવવાની તૈયારી દર્શાવી છે. પાર્ટીના હાઈકમાન્ડની યોજના અનુસાર વસુંધરા રાજેને વિધાનસભાની ચુંટણી માટેના નેતા તરીકે જાહેર કરાશે. જ્યારે ઘનશ્યામ તિવારી અથવા ગુલાબચંદ કટારિયાને વિપક્ષ નેતા



બનાવવામાં આવે તેવી શક્યતા છે. મંગળવારના રોજ પાર્ટીના વરિષ્ઠ નેતા અરુણ જેટલીએ તિવારી અને કટારિયાને છેલ્લી વાર સમજાવવાનો પ્રયાસ કર્યો પરંતુ તેઓ નિર્ણયથી નાખુશ થઈને રાજસ્થાન જતા રહ્યા હતા. પાર્ટીના હાઈકમાન્ડે રાજસ્થાન વિધાનસભાની ચુંટણીમાં સંપૂર્ણ હવાલો અરુણ જેટલીને સોંપવાનો નિર્ણય કર્યો છે. વસુંધરા રાજેએ પણ સુષ્મા સ્વરાજની મુલાકાત લીધી હતી અને અરુણ જેટલીના હવાલા માટે સમર્થન આપ્યું હતું. પૂર્વ પ્રદેશ અધ્યક્ષ ઓમપ્રકાશ માથુરે પણ રાજનાથસિંહની મુલાકાત લીધી. સંઘે પણ વસુંધરા રાજેના અધ્યક્ષ પદ માટે સમર્થન આપ્યું છે.વસુંધરા રાજેને સમર્થન આપનાર લોકોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે.

## તેલગાંણાની માંગ પર પાંચ કોંગી સાંસદનાં રાજીનામાં

નવીદિલ્હી,તા.૩૧

આંધ્રપ્રદેશનાં તેલગાંણા ક્ષેત્ર સાથે જોડાયેલ કોંગ્રેસનાં છમાંથી પાંચ સાસંદોએ પોતાની અલગ રાજ્યની માંગણીનાં સમર્થનમાં બુધવાર રાત્રે પક્ષમાંથી રાજીનામું આપી દીધું છે. બે સાંસદો એસ.રાજૈયા અને પૂનમ પ્રભાકરે જણાવ્યું છે કે, કુલ પાંચ સાંસદોએ પાર્ટી પ્રમુખ સોનિયા ગાંધીને સંયુક્તરૂપે રાજીનામાં મોકલી આપ્યાં છે. રાજીનામું આપનાર સાંસદોમાં માંડા જગન્નાથમ, પેનમ પ્રભાકર, એસ.રાજૈયા, વિવેક રેડ્ડી અને સુરેન્દ્ર રેડ્ડીનો સમાવેશ થાય છે. રાજૈયાએ કહ્યું હતું કે, તેલગાંણા રાજ્ય મુદ્દે સમજૂતિ કરવાનો સવાલ જ પેદા થતો નથી અને સમજૂતિ ત્યારે જ થશે જ્યારે પૃથક રાજ્યનાં ગઠન માટે કોઈ સકારાત્મક રોડબેક તૈયાર કરવામાં આવે. તેમણે જણાવ્યું હતું કે, રાજીનામું આપવાનો નિર્ણય વારંગલમાં સાંસદો વચ્ચે બે દિવસ સુધી ચાલેલી ચર્ચા બાદ લેવામાં આવ્યો છે.

કોંગ્રેસનાં પાંચ સાંસદોનાં રાજીનામાં પર પાર્ટીએ જણાવ્યું છે કે, તેઓ તેલંગાણા રાજ્યનાં ગઠનની વિરુદ્ધમાં નથી. કોંગ્રેસ પ્રવક્તા પી.સી.ચાકોએ આજરોજ કહ્યું છે કે, અમે આ વિષયે નિર્ણય લેવા વિચારીએ છીએ પરંતુ હજુ ઔપચારિકતા પૂરી થનાર છે, માત્ર સમયનો સવાલ છે અને નિર્ણયની જાહેરાત ટૂંક સમયમાં જ કરવામાં આવશે. એક સાંસદ મધુગોડ યાસખીએ કહ્યું છે કે, પ્રવક્તા ચાકોના નિવેદન બાદ નિર્ણય થનાર હોવાથી રાજીનામું આપવાની જરૂર જણાતી નથી.

## વડાપ્રધાન પદ માટેના ઉમેદવાર જાહેર કરવા ઉદ્ધવની માંગ

મુંબઈ, તા.૩૧

ભાજપમાં વડાપ્રધાન પદના ઉમેદવારને લઈને ઘમસાણ જારી છે ત્યારે શિવસેનાએ વડાપ્રધાન પદના ઉમેદવારની વહેલીતકે જાહેરાત કરવા આજે એનડીએને અપીલ કરી હતી. આ સંબંધમાં શિવસેનાએ અલ્ટિમેટમ પણ આપી દીધુ છે.

ઉદ્ધવ ઠાકરેએ જણાવ્યું હતું કે, એનડીએના વડાપ્રધાન પદના ઉમેદવાર કોણ હશે, તે હમણાંથી નક્કી કરવું જોઈએ. ચૂંટણી પહેલાં જ વડાપ્રધાન પદના ઉમેદવાર નક્કી કરવા જોઈએ. તેમજ વધુમાં જણાવ્યું હતું કે, છેલ્લી ઘડી સુધી મુંઝવણ ન હોવી જોઈએ. આવતા વર્ષે એપ્રિલ-મેમાં લોકસભાની ચૂંટણી થવાની છે. આ બાબત પર હમણાંથી જ વિચાર કરવો જોઈએ. બાલા સાહેબે સુષ્મા સ્વરાજને સમર્થન આપ્યું હતું.

## સેન્સર બોર્ડનાં નિર્ણય પર રાજ્યો અમલ કરે

કેન્દ્રીય સૂચના અને પ્રસારણ મંત્રી મનિષ તિવારીએ જણાવ્યું છે કે, દેશનાં રાજ્યોએ ફિલ્મોનાં પ્રદર્શનનાં સંબંધમાં કેન્દ્રીય ફિલ્મ સેન્સર બોર્ડનાં નિર્ણયો પર અમલ કરવો જોઈએ. તેમણે કમલ હાસનની વિવાદાસ્પદ ફિલ્મ 'વિશ્વરૂપમ' પર ટિપ્પણી કરવાથી બચતાં કહ્યું હતું કે, આ મામલો હાલ અદાલતમાં છે તેથી તે વિશે કહેવું ઉચિત નથી. તિવારીએ જણાવ્યું હતું કે, હાઈકોર્ટે એકવાર ફરીથી મામલાને વિચારણા હેઠળ લીધો છે માટે આ વિશે ટિપ્પણી કરવી અનુચિત લેખાશે. આપણે હાઈકોર્ટને સમગ્ર મામલાને જોવા દેવો જોઈએ અને જે પણ ચુકાદો આવે તેને યોગ્ય સમજીને તેનો અમલ થવો જોઈએ, જ્યારે ફિલ્મ સેન્સર બોર્ડ કોઈપણ નિર્ણય કરે છે ત્યારે રાજ્ય સરકારોએ તે નિર્ણય પર અમલ કરવો જોઈએ. સુપ્રીમ કોર્ટે પણ પ્રકાશ ઝા કેસમાં આ જ પ્રકારનું વલણ અપનાવ્યું હતું.

## સમાચાર ઝલક

- 'આધાર'ના વિકલ્પમાં નવી સ્માર્ટ કાર્ડ યોજનાની તૈયારી, કેબીનેટ સમક્ષ દરખાસ્ત.
- ફિલ્મ અભિનેતા કમલ હસનની દેશ છોડવાની ચીમકી, 'વિશ્વરૂપમ' અમેરિકા અને બ્રિટનમાં હિટ.
- આ વર્ષે કેરી ભરપૂર મળશે, મબલખ પાક એકાદ માસમાં બજારમાં દેખાવા લાગશે.
- હવે વીજળી દરમાં વધારો થવાની શક્યતા.
- સૌરાષ્ટ્ર-કચ્છ અને ઉત્તર ગુજરાતમાં હળવાં વરસાદની શક્યતા, ફરી વેસ્ટર્ન ડિસ્ટબર્ન્સ સર્જાયું.
- ફ્રાન્સ, અમેરિકા, બ્રિટનમાં આર્થિક કટોકટી.
- ભારતીય સેનામાં ધર્મ/જાતિ, પ્રદેશનાં આધારે રેજિમેન્ટ નહિ ઊભી કરાય.
- રેલ્વેએ ગુજરાતી યાત્રાળુને મૃત ઉંદર સાથેની બિરયાની પીરસી.
- પુરવઠા નિગમનાં મામલતદાર શાંતિલાલ પટેલ સુરતમાં લાંચ લેતાં ઝડપાયા.
- ૧૩ કરોડથી વધુ યુવતીઓને એનેમિયા, રોકવા માટેની દવા અપાશે, ૭મી ફેબ્રુઆરીથી આરોગ્યખાતાનું અભિયાન.
- અમેરિકી વિદેશમંત્રી તરીકે જોન કેરીની નિમણૂંક, હિલેરી ક્લિન્ટનની તબિયત સારી નથી.
- રાજકોટમાં દેવામાં ડુબેલાં પરિવારનું સામુહિક વિષપાન, દંપત્તિનું મોત.
- અભિનેત્રી વિજેયતા પંડિતની બહેન સુલક્ષણા પંડિતની કરપીણ હત્યા, હાડપિંજર મળ્યાં.
- ગુજરાતમાં પ્રત્યેક પોલીસ મથકમાં ઓછામાં ઓછી ૪ મહિલા પોલીસ રાખવામાં આવશે.
- બાપા સીતારામની ૩૬મી પૂણ્યતિથિએ મહાપ્રસાદના આયોજનો.
- ઉત્તર ગુજરાતમાં અકસ્માતથી ૨૩નાં મોત.

## લોકપાલ બિલના મુસદ્દાને અણ્ણાએ ફરીથી ફગાવ્યો

નવી દિલ્હી,તા. ૩૧

ગાંધીવાદી નેતા અને સામાજિક કાર્યકર અણ્ણા હજારેએ કેન્દ્ર સરકારના સૂચિત જન લોકપાલ બિલના મુસદ્દાને ફગાવી દઈને કહ્યુ હતુ કે આવા લોકપાલ બિલ આવવાથી કોઈ ફાયદો થશે નહીં. પત્રકારો સાથે વાતચીત કરતા પટનામાં કહ્યુ હતુ કે સરકારને એવા મજબૂત લોકપાલ બિલ લાવવાની જરૂર છે જેમાં ભ્રષ્ટાચાર પર અંકુશ મુકી શકાય. કેન્દ્રિય તપાસ બ્યુરો સીબીઆઈને સ્વાયતતા આપવાની માંગ કરીને તેમણે કહ્યુ હતુ કે જ્યાં સુધી સરકાર એક મજબુત લોકપાલ બિલ લાવશે નહીં ત્યાં સુધી તેમની જનલોકપાલની લડાઈ જારી રહેશે. તેમણે ઉમેર્યુ હતુ કે ફેબ્રુઆરીથી દેશના તમામ રાજ્યોમાં જશે ફેબ્રુઆરી મહિનામાં આંધ્રપ્રદેશ અને કર્ણાટક સહિત ચાર રાજ્યોનો પ્રવાસ કરશે. તેમણે લોકોની માંગણી સ્પષ્ટરીતે રજુ કરી હતી. ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી વડાપ્રધાન પદના ઉમેદવારના વિષય અંગે પુછવામાં આવતા તેમણે કહ્યુ હતુ કે ગુજરાતના એક લોકાયુક્તની રચના થઈ શકી નથી. આવી સ્થિતિમાં મોદીમાં ભ્રષ્ટાચાર સામે લડવાની ઈચ્છા છે તેમ કઈ રીતે માની શકાય છે. રેલીમાં ગઈકાલે અણ્ણાએ મોરચાની જાહેરાત પણ કરી હતી. ભ્રષ્ટાચારને દૂર કરવા યુપીએ સરકારની કટિબદ્ધતા સામે પ્રશ્નો ઉઠાવીને અણ્ણાએ કહ્યુ હતુ કે વડાપ્રધાન મનમોહનસિંહ અને કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીમાં મજબુત લોકપાલ બિલ ઘડી કાઢવા માટે વિશ્વાસ નથી. મોદીની વડાપ્રધાન પદની દાવેદારી સામે પણ અણ્ણાએ વાંધો ઉઠાવ્યો હતો. એક પ્રશ્નના જવાબમાં અણ્ણાએ કહ્યુ હતુ કે તેઓ મોદીને એવો પ્રશ્ન કરવા માંગે છે કે ગુજરાતને ભ્રષ્ટાચારમાંથી મુક્ત કરવા આજ સુધી લોકાયુક્તની રચના કેમ કરી નથી. ગુજરાત અંગે ભ્રષ્ટાચારની ઘણી બધી ફરિયાદો આવી રહી છે. જો મોદી એટલા સારા ઉમેદવાર છે તો મજબૂત લોકાયુક્ત બિલ કેમ લાવી શક્યા નથી. આનો મતલબ એ થયો કે મોદીને ભ્રષ્ટાચાર મુક્ત ભારતના નિર્માણની ઈચ્છા નથી.

## સંરક્ષણ અને કલ્યાણ ખર્ચમાં જંગી કાપ મૂકવાની હિલચાલ

નવી દિલ્હી,તા. ૩૧

નાણાં મંત્રી પી ચિદમ્બરમે કલ્યાણ, સંરક્ષણ અને માર્ગ પ્રોજેક્ટો પર બિનજરૂરી જંગી ખર્ચને ઘટાડવાની તૈયારી કરી ચુક્યા છે. માર્ચ સુધી ઉંચા અંતર પર પહોંચી ગયેલી મહેસૂલી નાણાંકીય ખાદ્યને કાબૂમાં લેવાના છેલ્લી ઘડીના પ્રયાસરૂપે આ હિલચાલ હાથ ધરવામાં આવશે. આ મુદ્દે ચર્ચા વિચારણાનો દોર શરૂ થઈ ચુક્યો છે. નાણાં મંત્રાલયના બે વરિષ્ઠ અધિકારીઓ અને વરિષ્ઠ સરકારી સલાહકારે માહિતી આપતા કહ્યુ છે કે વર્તમાન નાણાંકીય વર્ષમાં ૧.૧ ટ્રિલિયન ભારતીય રૂપિયા સુધી ખર્ચમાં ઘટાડો કરવામાં આવશે. પ્રથમ વખત કાપનું કદ ખુબ ઉંચુ રહે તેવી શકયતા છે. ચિદમ્બરમ પહેલાથી જ કહી ચુક્યા છે કે મૂડીકોરાણના ચિત્રને સુધારવા જીડીપીના ૫.૩ ટકા સુધી આ સ્તરને લઈ જવામાં આવશે. રેટિંગ એજન્સીઓ હાલમાં જ ભારતના રેટિંગમાં ડાઉન ગ્રેડ કરવાનો નિર્ણય કર્યો હતો. શ્રેણીબદ્ધ મૂડીરોકાણલક્ષી સુધારા પગલા હાલમાં લેવામાં આવ્યા છે. સાથે સાથે ફ્યુઅલ સબસિડીમાં ઘટાડો કરવા માટે પણ પગલા લેવાની હિલચાલ ચાલી રહી છે. પોલીસી નિષ્ણાંતોનું કહેવું છે કે ભારતમાં મૂડીરોકાણના ચિત્રને સુધારવા ચિદમ્બરમ મક્કમ બનેલી છે. વધુ શિસ્ત લાવવાના પ્રયાસ હાથ ધરવામાં આવ્યા છે. અર્થતંત્રને પાટા પર લાવવા પગલા લેવાઈ રહ્યા છે. સરકારે વર્તમાન નાણાંકીય વર્ષમાં ૫.૧ ટકાના મહેસૂલી ખાદ્યનું ટાર્ગેટ નક્કી કર્યુ હતુ પરંતુ ઓક્ટોબર સુધી આ લક્ષ્ય હાંસલ કરી શકાયુ ન હતુ. ૨૦૧૧-૧૨માં આ આંકડો ૫.૮ ટકા રહ્યો હતો. સબસિડીમાં કાપ સાથે સંબંધિત પગલાઓની અસર આ વર્ષે દેખાશે નહીં.

## નિર્ભય રહો... (પાના નં. ૪ નું ચાલુ)

### જાગો :

જાગો, પછી સમય સમીપ છે. સંધ્યાકાળ થઈ રહ્યો છે. બાહર બધે જ શાંતિ છે. સ્વયં -કૃતિ પણ શાંત છે. શાંત -કૃતિમાં મન અધિક શાંતિ તથા તીવ્રતાની સાથે હૃદયનાં અંતરદેશમાં -વેશ કરે છે. ઈન્દ્રિયોનું ચાંચલ્ય શાંત થવા દો, જીવન બહુ જ નાનું છે. વાસનાઓ -બળ છે. ઈશ્વરને માટે થોડોક સમય જરૂરથી આપો. એમને ખૂબ જ ઓછો સમય જોઈએ છે ફક્ત એટલુ જ કે તમે સ્વયંને, પોતાની જાતને જાણો, કારણ કે વસ્તુત પોતાને જાણતા તમે એને જાણી જશો.

પરમાત્માં અને આત્મા એક જ છે. ઘણાં લોકો કહે છે કે, મનુષ્ય, યાદ રાખ, તમે માટી છો. આ મન અને શરીર મારે સત્ય છે, પરંતુ અધિક ઉન્નત, શક્તિશાળી પરમ સત્ય અને પવિત્ર અનુભવ બદલાય છે, કે, હે મનુષ્ય ! યાદ રાખ ! તું આત્મા છે. પરમાત્માં કહે છે કે કેવળ તું જ અવિનાશી છે, બાકી બધું જ નશ્વર છે. કેટલુય મોટું સ્વરૂપ હોય એનો નાશ થાય છે - બધા જ નામ, રૂપ સાથે મૃત્યુ અને નાશ જોડાયેલાં છે. વિચારો પરિવર્વનશીલ છે. વ્યક્તિત્વ નામરૂપથી ઓત -ેત છે.

હે જીવાત્મા ! એટલે એનાથી દૂર રહો. યાદ રાખ ! તમે નામ અને રૂપથી પર એવો આત્મા છું.

સમસ્ત ધર્મ એમાં જ નિહિત છે કે તમે પરમાત્માં છો. કેવળ એમાં તમારું અમરત્વ છે. કેવળ એમાં જ તમે, શુધ્ધ અને પવિત્ર છો.

સ્વામી બનવાનો -યત્ન ન કરો. તમે જ સ્વામી છો. તમારા માટે બનવાનું નથી. જીવાત્મા તમે જ છો. ઉધ્વગતિ કરવાનો ઢંગ ભલે ગમે તેટલો ઉંચો હોય પણ સમય આવશે જયારે તમે જાણશો કે ઉન્નતિ સમયની અંદર છે, પરંતુ પૂર્ણતાનો અનુભવ અંતમાં છે. તમે સમયનાં નહી, અંનતનાં છો- જો પરમાત્માં છે તો તત્વમસિ એ તમે જ છો, તમારી અંદર જે સૌથી મહાન છે તેને ઓળખો. સૌથી મહાન છે તેની ઉપાસના કરો. સૌથી ઉન્નત ઉપાસનાનું તે જ્ઞાન છે કે જે બતાવે છે કે તું અને તે એક જ છો. સૌથી મહાન શું છે? સૌથી શ્રેષ્ઠ શું છે? હે જીવ, એને તમે પરમાત્માં કહો છો. સમસ્ત સ્વપ્નોને વિસ્મરણની અવસ્થામાં નાખી દો. એ સાંભળીને કે પરમાત્માં તમારી અંદર જ છે અને તે તમે જ છો, એને સમજો. સમજીને જુવો, જોઈને જાણો, જાણીને અનુભવ કરો. તત્વમસિ તે તમે છો.

સંસારથી અસંગ થઈ જાવ, સંસાર સ્વપ્નથી બનેલો છે. આ સંસાર અને શરીર વસ્તુત એ જ બંને આ ઘોર સ્વપ્ન નો આધાર છે. શું તમે સ્વપ્ન જોતાં જ રહેશો? શું તમે આ સ્વપ્નનાં વિકટ બંધનમાં બંધાયેલાં જ રહેશો?

ઉઠો અને જાગો - જયાં સુધી લક્ષ્યની -ાિ્ન ન થઈ જાય ત્યાં સુધી રોકાશો નહી.

એવી શાંતિ, ગહન શાંતિ જેમાં પરમાત્માની વાણીથી વિશેષ બીજુ કશું જ સંભળાતું નથી, પરમાત્માં કહે છે,

હરિઃ ૐ તત સત

હરિ હી ૐ હૈ, વો હી સત્ય હે, ઔર વો તુમ હો.

તમે શાંતિમાં સ્થિર થાઓ.

સમસ્ત દ્રશ્ય પદાર્થોની અંદર અને બહાર આત્મા વ્યાપ્ત છે. એનો સ્વભાવ છે

- શાંતિ ! શાંતિ !! અનિર્વચનીય શાંતિ!!!